યા દેવી સર્વભૂતેષુ લક્ષ્મીરૂપેણ સંસ્થિતામ્, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૪ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૭, શનિવાર ; આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### એનડી ટીવીને ટેકઓવર કરાઈ


સ્પાઈસ જેટના માલીક અજયસિંહ આગામી દિવસોમાં એનડી ટીવીનો ચાર્જ લઈ શકે છે. એનડી ટીવીના એડીટોરીયલ રાઈટ સાથેના બીઝનેશને ૪૦ ટકા શેર સાથે ટેકઓવર કરવામાં આવ્યો છે.

### લાંચ કેસમાં આવકવેરા વિભાગના ડેપ્યુટી કમિશનરની ધરપકડ




સીબીઆઈએ મુંબઈ આવકવેરા વિભાગના ડેપ્યુટી કમિશનર જયપાલ સ્વામીની લાંચ કેસમાં ધરપકડ કરી છે. તેઓ ૩ કરોડની લાંચ માંગતા પકડાયા હતા.

### લાલુ યાદવને વધુ એક સમન્સ



રેલવે હોટલ ટેન્ડર કેસમાં સીબીઆઈએ લાલુપ્રસાદ યાદવને અને તેજસ્વી યાદવને સમન્સ પાઠવ્યું છે. લાલુપ્રસાદ યાદવ ૨૫મીએ અને તેજસ્વી યાદવ ૨૬મીએ કોર્ટ સમક્ષ હાજર થશે.

# પાકિસ્તાન 'ટેરરિસ્તાન' છે : ભારત

**યુએનમાં ભારતે પાકને ગણાવ્યું ટેરરિસ્તાન : કાશ્મીર ભારતનું છે અને રહેશે આ વાત પાકિસ્તાન સમજી લે તો સારુ : ટેરરિસ્તાન (પાકિસ્તાન) માનવઅધિકારની વાત કરે છે, ઓસામા બિન લાદેનને સંગ્રહનાર અને મુલ્લા ઉમર જેવાનું સરનામું છે પાકિસ્તાન : ભારત**




ન્યૂયોર્ક,તા. ૨૨

સંયુકત રાષ્ટ્ર સંઘમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહિદ ખકાન અબ્બાસીના જુઠાણાંનો જવાબ આપતાં ભારતે, પાકિસ્તાનને 'ટેરરિસ્તાન'થી સંબોધ્યું છે. ભારતના યુએન ખાતેના પ્રથમ સેક્રેટરીએ જણાવ્યું કે પાકિસ્તાન આતંકીઓનો ગઢ છે. માનવાધિકારના મુદ્દે પાકિસ્તાનના જ્ઞાનની કોઈ જરૂર નથી, કારણ કે સૌથી વધુ માનવાધિકારનું ઉલ્લંઘન પાકિસ્તાનમાં જ થાય છે. પાકિસ્તાનના પીએમના નિવેદન બાદ ભારતે આવો સણસણતો જવાબ આપ્યો હતો.

યુએનમાં સંબોધન કરતાં પાકિસ્તાનના પીએમ અબ્બાસીએ અનેક વખત ભારતનું નામ લીધું હતું તેમજ કાશ્મીર મુદ્દે મધ્યસ્થીની માગ કરી હતી. પાકિસ્તાનના પીએમના જુઠાણાંનો જવાબ આપતાં ભારતના યુએન ખાતે પ્રથમ સેક્રેટરી ઈનમ ગંભીરે કહ્યું કે, ''પાકિસ્તાનમાં આતંકવાદીઓ તૈયાર થાય છે જે નાપાક પ્રવૃત્તિ પુરજોશથી ચાલી રહી છે અને આ આતંકવાદ વૈશ્વિક સ્તરે ફેલાય રહ્યો છે.''ગંભીરે વધુમાં કહ્યું કે, ''પાકિસ્તાન પવિત્ર જમીન

● અનુસંધાન પાન-૭ પર

# ગૌરક્ષા હિંસામાં દોષિત સામે કાર્યવાહીનો સુપ્રીમનો હુકમ

**પીડિતોને વળતર ચુકવવા પણ આદેશ : પહેલુ ખાનની હત્યા મામલામાં સુનાવણી કરતી વેળા કોર્ટે કડક આદેશો જારી કર્યા : બધા રાજ્યોને જવાબદારી સોંપી**



નવી દિલ્હી,તા. ૨૨

ગૌરક્ષકોની હિંસાના મામલા સાથે જોડાયેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટે આજે મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે કહ્યું હતું કે, જે લોકો ગરક્ષાના નામ ઉપર હિંસામાં સામેલ છે તેમને કાયદાના સકંજામાં લેવાની જરૂર છે. પહેલુખાનની હત્યાના મામલામાં સુનાવણી ચલાવતી વેળા કોર્ટે એમ પણ કહ્યું હતું કે, આવા મામલામાં પીડીતોને વળતર આપવાની જરૂર છે. તમામ રાજ્યોની જવાબદારી છે કે, તેઓ ગૌરક્ષાના નામે થયેલી હિંસામાં પીડિતોને વળતર આપે. કોર્ટે ગુજરાત, રાજસ્થાન, ઝારખંડ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશની સરકારોને આદેશ કર્યો હતો કે, તેઓ પોતાના કમ્પ્લાઈન્સ રિપોર્ટ તરત જ રજૂ કરે. આ રાજ્યોએ પોતાના રિપોર્ટ રજૂ કરી દીધા છે. બીજી બાજુ અન્ય રાજ્યોને વહેલી તકે રિપોર્ટ રજૂ કરવા માટે સુચના આપી દેવામાં આવી છે.

# શેરબજાર કડડભુસ : સેંસેક્સમાં ૪૪૭ પોઈન્ટનો કડાકો

**નવેમ્બર ૨૦૧૬ બાદ ટકાવારીની દ્રષ્ટિએ નિફ્ટીમાં પણ સૌથી મોટો ઘટાડો થયો : નિફ્ટીએ ૧૦૦૦૦ની સપાટી ગુમાવી**

મુંબઈ,તા. ૨૨

શેરબજારમાં આજે તીવ્ર કડાકો બોલી ગયો હતો. સતત ચોથા કારોબારી સેશનમાં મંદીનું મોજુ ફરી વળતા બેંચમાર્ક ઈન્ડેક્સમાં એક ટકાથી પણ વધુ ઘટાડો જોવા મળ્યો હતો. જુદા જુદા નકારાત્મક પરિબળોના લીધે આજે મોટો કડાકો બોલી ગયો હતો. આર્થિક મંદીને રોકવા માટે સરકાર સ્ટીમ્યુલસ પેકેજ લાવી શકે છે તેવા સમાચાર વચ્ચે મંદીનું મોજુ ફરી વળ્યું છે. આના કારણે ફિસ્કલ ડેફિસિટ ઉપર નકારાત્મક અસર થઈ શકે છે. આજે કારોબારના અંતે સેંસેક્સ ૪૪૭ પોઈન્ટ ઘટીને ૩૧૯૨૨ની નીચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૧૫૭ પોઈન્ટ ઘટીને ૯૯૬૪ની નીચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટીએ ૧૦૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી.

જાણકાર લોકોનું કહેવું છે કે, આગામી દિવસોમાં પણ પ્રવાહી સ્થિતિ રહી શકે છે. મિડકેપ ઈન્ડેક્સ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આશરે ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. નવેમ્બર ૨૦૧૬ બાદથી નિફ્ટીમાં ટકાવારીની દ્રષ્ટિએ સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ભારે અફડાતફડી રહી હતી. સરકાર ફિસ્કલ ડેફિસિટને લઈને પણ ગણતરી કરી રહી છે. સરકાર ૪૦૦૦૦-૫૦૦૦૦ કરોડ સુધીની રેંજમાં સ્ટીમ્યુલસ પેકેજ લાવી શકે છે.

પ્રશાંત મહાસાગરમાં હાઈડ્રોજન બોંબનું પરીક્ષણ કરી શકે તેવી ઉત્તર કોરિયાએ વાત કર્યા બાદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે શાબ્દિક યુદ્ધ વધી રહ્યું છે જેથી પણ બજારમાં ચિંતા પ્રવર્તી રહી છે. કોરિયન કટોકટીને લઈને વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં દહેશત ફેલાયેલી છે અને ચિંતા દિન પ્રતિદિન વધી રહી છે. એફઆઈઆઈ દ્વારા વેચવાલીનું મોજુ રાખવામાં આવ્યું છે.

# દાઉદ પાકિસ્તાનમાં જ હોવાની કાસ્કરની કબુલાત

**પાકિસ્તાનમાં દાઉદના ચારથી પાંચ સરનામાની પણ ઇકબાલ કાસ્કરે તપાસકારો સમક્ષ અનેક ચોંકાવનારી માહિતી આપી : 3 વર્ષથી દાઉદે વાત કરી નથી**

થાણે,તા. ૨૨

ભારતના મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી દાઉદ ઈબ્રાહિમને લઈને ફરી એકવાર જોરદાર ગરમી પ્રવર્તી રહી છે ત્યારે હાલમાં જ ઝડપાઈ ગયેલા તેના ભાઈ ઈકબાલ કાસ્કરે કેટલીક ચોંકાવનારી માહિતી આપી છે. કાસ્કરે દાઉદ પાકિસ્તાનમાં હોવાની કબૂલાત પણ કરી છે. સાથે સાથે તેના ચારથી પાંચ સરનામાની વાત પણ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર



# લોકસભાની વહેલી ચૂંટણીના સંકેતો

**નરેન્દ્ર મોદી સમય કરતા પહેલા ચૂંટણી માટેની જાહેરાત કરી શકે : ભાજપ શાસિત રાજ્યોના ૧૩ મુખ્યમંત્રી અને છ નાયબ મુખ્યમંત્રીની મોદી-અમિત શાહ સાથે થયેલી બેઠકમાં પણ આ મુદ્દે મંત્રણા થઇ હોવાનો અહેવાલ**

નવી દિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહની જોડી ચોંકાવનાર નિર્ણયો લેવા માટે હમેંશા જાણીતી રહી છે. આવી સ્થિતીમાં વર્ષ ૨૦૧૮ની પૂર્ણાહુતિ પહેલા જ લોકસભા ચૂંટણી માટેની જાહેરાત કરીને આ જોડી ચોંકાવી શકે છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણી સાથે કરાવવાની ફોર્મ્યુલાને અમલી કરવાની જાહેરાત સાથે આની શરૂઆત થઈ શકે છે. ગયા મહિનામાં ભાજપ શાસિત રાજ્યોના ૧૩ મુખ્યપ્રધાનો અને છ નાયબ મુખ્યપ્રધાનોની મોદી-શાહની સાથે બેઠક થઈ હતી. જેને આના હિસ્સા તરીકે ગણવામાં આવે છે. હકીકતમાં સરકાર અને સંગઠનમાં ટોપના સ્તર પર જે રીતે ચર્ચા થઈ રહી છે તે જોતા આની અટકળો ચાલી રીહ છે. ગ્રાસ રૂટ સ્તર સુધી સંગઠનને મજબુત કરવામાં મોદી અને શાહ લાગેલા છે. શાહ સંગઠનને ખુબ મજબુત કરી દેવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. એવા સંકેત મળી રહ્યા છે કે સમય પહેલા લોકસભા ચૂંટણી કરવામાં આવી શકે છે.

સામાન્ય રીતે તો લોકસભાની ચૂંટણી વર્ષ ૨૦૧૯માં યોજાનાર છે. જો કે બાજપ લાંબા સમય સુધી ઈન્તજાર કરવા માટે તૈયાર નથી. જુન ૨૦૧૯ સુધી કેવી સ્થિતી રહે છે અને કેવા પડકારો રહે છે તે બાબતને લઈને કઈ પણ કહી શકાય નહી.જો કે ૨૦૧૮ સુધી ભાજપને કોઈ પણ બાજુથી કોઈ પડકાર મળે તેવી શક્યતા નથી. જેથી પાર્ટીમાં ટોપ સ્તરના લોકો માને છે કે જો ૧૦-૧૨ મહિના પહેલા સત્તા છોડી દેવાના લાલચને છોડવાના બદલે પાંચ વર્ષ રાજ મળે છે તો તે બાબત વધારે સારી રહેશે. ભારતીય જનતા પાર્ટી મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તિસગઢમાં વિધાનસભાની ચૂંટણી પણ સાથે જ ઈચ્છે છે. આ ત્રણેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૮માં યોજાનાર છે. જો લોકસભા ચૂંટણી તેના પહેલા કરવાની વાત થઈ તો આ ત્રણેય રાજ્યો પણ સમય પહેલા ચૂંટણી કરવાની તરફેણ કરી શકે છે. જેથી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે કરવાનો માર્ગ મોકળો થઈ શકશે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થાય તો સ્થાનિક મુદ્દા ગૌણ બની જાય છે. જે બાબત ભાજપ સારી રીતે સમજે છે. ચૂંટણી મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની તૈયારી પણ કરી લેવામાં આવી છે.




# ઈસરો નવા લોન્ચ કરાવાની તૈયારીમાં

નવી દિલ્હી,તા. ૨૨

અંતરિક્ષમાં નેવીગેશન સેટેલાઈટ છોડવામાં નિષ્ફળતા મળ્યા બાદ ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરો હવે નવેમ્બર-ડિસેમ્બરમાં પોતાના આગામી પીએસએલવી મિશનની તૈયારીમાં વ્યસ્ત છે. ઈસરોના ચેરમેન એએસ કિરણકુમારે માહિતી આપતા કહ્યું છે કે અમે નવેમ્બર-ડિસેમ્બર મહિનામાં આગામી પીએસએલવી લોંચ કરવાની તૈયારીમાં છે.

કુમાર થિરુવનંતપુરમમાં ૬૮માં નેશનલ કોન્ફરન્સ ઓફ એરોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયામાં ભાગ લેવા માટે આવ્યા હતા. ઓગસ્ટ મહિનામાં પીએસએલવી-સી૩૯ મિશન ફ્લોપ રહ્યા બાદ ઈસરો વડાએ કહ્યું છે કે, એક કમિટિ આમા તપાસ કરી રહી છે અને તે પરિણામ પર પહોંચવાના અંતિમ તબક્કામાં છે. તેમણે કહ્યું હતું કે, કમિટિ મિશનની નિષ્ફળતાના કારણો જાણવાના પ્રયાસમાં છે. જેને લઈને તમામને ઈન્તજાર છે. કુમારે ભારપૂર્વક કહ્યું હતું કે, લોન્ચ વ્હીકલમાં કોઈ ખામી સર્જાઈ ન હતી.

